# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-01** **તા:-12-10-2021**

## હિંમતનગર ખાતે પેજ પ્રમુખ કાર્ડ વિતરણ અને પેજ સમિતિ સંવાદ કાર્યક્રમ યોજાયો

----

## આવનારી વિધાનસભાની ચૂંટણીમાં 100 નવા ચહેરા જોવા મળશે – શ્રી સી.આર.પાટીલ

----

## જે કાર્યકરે પ્રજાનો વિશ્વાસ મેળવ્યો હશે તેવા નવા ચહેરા તક આપવામાં આવશે- શ્રી સી.આર.પાટીલ

----

## ભારતીય જનતા પાર્ટીની તાકાત છે કાર્યકરો- શ્રી સી.આર.પાટીલ

----

## પક્ષમાં દરેક કાર્યકરને તેના પરફોર્મન્સના આધારે યોગ્ય સ્થાન મળશે જ માટે જે જવાબદારી મળે તે પુરી ક્ષમતાથી કરો – શ્રી સી.આર.પાટીલ

----

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર ગુજરાત સહિત દેશવાસીઓને સંપુર્ણ ભરોસો છે- શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અખબારી યાદીમાં જણાવે છે કે તારીખ 11 ઓક્ટોબર 2021 ના રોજ હિંમતનગર ખાતે પેજ પ્રમુખ કાર્ડ વિતરણ અને પેજ સમિતિ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત ભારતીય જનતા પાર્ટીમાં પેજ સમીતીના પ્રણેતા અને ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતા હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.શ્રી પાટીલ સાહેબનો હિંમતનગર ખાતે ભવ્ય રોડ શો યોજાયો હતો ત્યાર બાદ શ્રી પાટીલ સાહેબે પેજ પ્રમુખોને કાર્ડ વિતરણ કર્યું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબે કાર્યકરોને જુસ્સા સાથે સંબોધન કરતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની તાકાત છે કાર્યકરો.કાર્યકરોની તાકાતને કારણે ભાજપ પેટા ચૂંટણી, મહાનગર પાલિકાની ચૂંટણી,નગર પાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી તે દર્શાવે છે કે ભાજપનો એક એક કાર્યકર ચૂંટણી જીતાડવા સક્ષમ છે અને હાલમાંજ ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપાની ઐતિહાસિક જીતનો શ્રેય પણ પાર્ટીના દરેક કાર્યકર ના શિરે જાય છે. અધ્યક્ષશ્રી પાટીલ સાહેબે કોંગ્રેસ પર શાબ્દિક પ્રહાર કરતા જણાવ્યું કે કોંગ્રેસને પ્રજા સ્વીકારતું નથી. કોંગ્રેસ ને હજુ પણ કળ નથી વળી . કાર્યકર્તાઓને જણાવ્યું કે ભાજપનો દરેક કાર્યકર નરેન્દ્ર મોદી મોબાઇલ એપ નો ઉપયોગ કરે અને કરાવે સાથે મન કી બાત કાર્યક્રમ દ્વારા દરેક કાર્યકર સાથે સબંધ વધુ મજબૂત બનાવવા પ્રયાસ કરવામાં આવે.

શ્રી પાટીલ સાહેબે કાર્યકર્તાને વિશ્વાસ અપાવતા જણાવ્યું કે ભાજપાનો દરેક કાર્યકર જીત માટે સંકલ્પ કરે ,ભારતીય જનતા પાર્ટી ચૂંટણી જીતી જનતા જનાર્દનની સેવા કરે છે ભારતીય જનતા પાર્ટીમાં દરેક કાર્યકરને તેના પરફોર્મન્સના આધારે યોગ્ય સ્થાન મળશે જ માટે જે જવાબદારી મળે તે નિભાવવા હાંકલ કરી હતી. શ્રી પાટીલ સાહેબે કાર્યક્રમમાં હાજર ચૂંટાયેલા તમામ પ્રતિનિધીઓને પાર્ટીના દરેક કાર્યકરોનું કામ કરવા પણ હાંકલ કરી.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે દરેક કાર્યકર ચૂંટણીમાં ટીકિટ માંગી શકે છે અને આવનાર વિધાનસભાની ચૂંટણીમાં 100થી વધુ નવા ધારાસભ્યોના ઉમેદવારોની યાદી જોવા મળશે. ચૂંટણી માટે કયા ઉમેદવારને ટીકિટ આપવી કે નહી તે ભાજપનું હાઇકમાન્ડ નક્કી કરે છે તે પણ સર્વે કરી જે ઉમદેવારે પ્રજાનો

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વિશ્વાસ મેળવ્યો હશે તેવા નવા ચહેરા તક આપવામાં આવશે અને એટલે ભાજપનો દરેક કાર્યકર પ્રજાની સાથે રહે તેમના કામ કરે અને તેમનો વિશ્વાસ સંપાદીત કરવાના પ્રયાસમાં જોતરાઇ જાય.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર ગુજરાત સહિત દેશવાસીઓને સંપુર્ણ ભરોસો છે.આપણી ભુલ હોય તો પણ મતદારો આપણી ભુલ માફ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જોઇ આપણને મત આપે છે. આ કાર્યક્રમમાં શ્રી પાટીલ સાહેબે પેજ સમીતી અંગે વાત કરી, તેનું મહત્વ કાર્યકરોને સમજાવ્યું અને ચૂંટણીમાં કેવી રીતે તેનો ઉપયોગ કરવો તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. પેજ સમીતીને વધુ મજબૂત કરી પાર્ટીનો દરેક કાર્યકર આવનાર ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને વધુમાં વધુ મજબૂત કરે તે માટે સચૂન કર્યુ હતું.

આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, પ્રભારી મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદશ્રીઓ શ્રી દીપસિંહ રાઠોડ, શ્રીમતી રમીલાબેન બારા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કું. કૌશલ્યા કુવરબા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી જે.ડી.પટેલ સહિત હોદ્દેદારો અને પેજ સમિતિના સદસ્યો ઉપસ્થિત રહ્યા.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મિડિયા કન્વીનર